સુરત નાસીરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ

'ડિમાર્કેશન જ હતું તો મોટી સંખ્યામાં પોલીસ કેમ?'

રાજ્ય સરકારને 2 જુલાઈ સુધી વિગતવાર જવાબનો આદેશ, પીડિતોના તાત્કાલિક પુનર્વસનનો આદેશ

જસ્ટિસ નિખિલ કેરિયલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) અને ગુજરાત પોલીસ વિભાગની કામગીરી સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરી

અમદાવાદઃ સુરતના વેડ દરવાજા વિસ્તારમાં આવેલા નાસીરનગરમાં કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વિના ગેરકાયદે રીતે કરાયેલા 'ભૂતિયા ડિમોલિશન' મામલે ગુજરાત હાઈકોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. જસ્ટિસ નિખિલ કેરિયલની કોર્ટમાં યોજાયેલી મહત્ત્વપૂર્ણ સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે જ્યાં સુધી આગામી આદેશ ન થાય ત્યાં સુધી આ ઘટનાના તમામ પીડિતો માટે રહેવાની વૈકલ્પિક વ્યવસ્થા અને પાયાની સુવિધાઓ વહીવટી તંત્ર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે. કોર્ટે આ મામલાને અત્યંત ગંભીર અને સંવેદનશીલ ગણાવીને આગામી સુનાવણી ૨ જુલાઈ પર મુલતવી રાખી છે. જસ્ટિસ નિખિલ કરિયેલે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉઠાવ્યા છે. જસ્ટીસ કરિયેલે સ્પષ્ટ નિરીક્ષણ કર્યુ હતું કે જો અધિકારીઓ માત્ર ડિમાર્કેશન માટે સ્થળ પર ગયા હતા તો આટલી મોટી સંખ્યામાં પોલીસ શા માટે તૈનાત કરવામાં આવી હતી? સાથે જ રાજ્ય સરકારને સમગ્ર ઘટનાનો વિગતવાર જવાબ 2 જુલાઈ સુધીમાં રજૂ કરવાનો આદેશ આપતાં પીડિત પરિવારો માટે વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા ચાલુ રાખવા પણ સૂચના આપી છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ નિખિલ કેરિયલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન (SMC) અને ગુજરાત પોલીસ વિભાગની કામગીરી સામે તીવ્ર નારાજગી વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, " સુરત મનપાના અધિકારીઓ સ્થળ પર માત્ર ડિમાર્કેશન (માપણી) માટે ગયા હતા કે ડિમોલિશન કરવા?" કોર્ટે આકરા શબ્દોમાં પુછ્યું હતું કે જો ત્યાં માત્ર માપણી જ કરવાની હતી, તો ડીસીપી કક્ષાના ઉચ્ચ અધિકારીઓ સહિત આટલો મોટો પોલીસ કાફલો કોના આદેશથી હાજર હતો ?

"જો ત્યાં પોલીસ બંદોબસ્ત ના હોત તો આ ડિમોલિશન શક્ય જ બનત નહીં. ડિમાર્કેશનની જગ્યાએ ગેરકાયદે ડિમોલિશન થઈ રહ્યું હતું, તો શું ત્યાં હાજર DCP કક્ષાના અધિકારીને તેની ખબર ના પડી? પોલીસની હાજરીમાં આવી ગુનાહિત પ્રવૃત્તિ થઈ છે અને પોલીસે ખોટા કામનો સપોર્ટ ન કરવો જોઈએ."

સુનાવણી દરમિયાન કોર્ટે તંત્ર સામે વ્યક્ત કરી નારાજગી

ગુજરાત હાઈકોર્ટમાં સોમવારે યોજાયેલી સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા, સુરત પોલીસ અને ટોરેન્ટ પાવર તરફથી રજૂઆતો કરવામાં આવી હતી. જસ્ટિસ નિખિલ કરિયેલે કોર્ટ સમક્ષ દાખલ કરાયેલા એફિડેવિટ અને દલીલો સાંભળ્યા બાદ અનેક ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જસ્ટીસ કરિયેલે પૂછ્યું હતું કે જો SMCના અધિકારીઓ માત્ર જમીનનું ડિમાર્કેશન કરવા માટે ગયા હતા તો સ્થળ પર DCP કક્ષાના અધિકારીઓ સહિત આટલો મોટો પોલીસ બંદોબસ્ત કેમ ગોઠવવામાં આવ્યો હતો? જો સ્થળ પર ગેરકાયદે ડિમોલિશન થઈ રહ્યું હતું તો પોલીસએ તેને રોકવાનો પ્રયાસ કેમ કર્યો નહીં? કોર્ટની ટિપ્પણી હતી કે જો ખરેખર ખોટું થયું હોય તો પોલીસ તેનો સાથ આપી શકે નહીં. પોલીસનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે, કાયદા વિરુદ્ધની કાર્યવાહી થવા દેવાનું નહીં.

પોલીસ કમિશનરની કામગીરી પર પણ સવાલો

સુનાવણી દરમિયાન કોર્ટે સુરત પોલીસ કમિશનરની કામગીરી અંગે પણ અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે ઘટનાની રજૂઆત થયા બાદ પણ લાંબા સમય સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નહીં. કોર્ટે ટિપ્પણી કરી કે આવા સંવેદનશીલ કેસમાં પોલીસ કમિશનરે સુઓમોટો કાર્યવાહી કરવી જોઈએ હતી. ઘટના સ્થળે પોલીસ હાજર હોવા છતાં જો ગેરકાયદે પ્રવૃત્તિ થઈ હોય તો તેની જવાબદારીમાંથી પોલીસ બચી શકે નહીં. માત્ર માપણી હતી તો આટલો મોટો પોલીસ કાફલો કેમ ખડકાયો? કોર્ટનો વેધક સવાલ

સરકારનો જવાબ - "જે થયું તે નહોતું થવું જોઈતું

રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ કોર્ટને જણાવ્યું કે સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ ચાલી રહી છે. તેમણે સ્વીકાર્યું કે જે બન્યું તે બનવું જોઈએ નહોતું. સરકારે દલીલ કરી કે ડિમાર્કેશનની કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસને અગાઉથી લેખિત જાણ કરવામાં આવી હતી અને તે આધારે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.જો કે કોર્ટે સરકારની આ દલીલ સામે સવાલ કર્યો કે માત્ર ડિમાર્કેશન માટે આટલી મોટી પોલીસ હાજરી જરૂરી કેમ બની? એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ સુરત મનપાના કમિશનર અને રાજ્ય સરકાર વતી કોર્ટમાં સ્વીકાર્યું હતું કે, "જે થયું તે નહોતું થવું જોઈતું." તેમણે માહિતી આપી કે SMC દ્વારા ડિમોલિશનનો કોઈ સત્તાવાર હુકમ કરાયો ન હતો. આ જમીન એક પારસી વ્યક્તિની માલિકીની છે અને ડેવલપરે માત્ર ફિઝિકલ ડિમાર્કેશનની માંગ કરી હતી.

ટોરેન્ટ પાવર અંગે પણ સવાલો

સુનાવણી દરમિયાન વીજ પુરવઠો કાપવાના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. ટોરેન્ટ પાવરે કોર્ટમાં જણાવ્યું કે તેમને SMC તરફથી ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. તેમની ટીમ સ્થળ પર પહોંચી ત્યારે ડિમોલિશનની કામગીરી શરૂ થઈ ચૂકી હતી અને અનેક મકાનો તૂટી ગયા હતા. વીજ પુરવઠો ચાલુ રહે તો દુર્ઘટના સર્જાઈ શકે તેવી શક્યતા હોવાથી વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. જસ્ટીસ કરિયેલે ટોરેન્ટ પાવરને પણ સમગ્ર પ્રક્રિયા અંગે વિગતવાર એફિડેવિટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. સરકાર તરફથી ગુજરાત હાઈકોર્ટને ખાતરી આપવામાં આવી છે કે હાલ ઉચ્ચ અધિકારીઓની કમિટી દ્વારા આ મામલે ઝીણવટભરી તપાસ ચાલુ છે અને ૧૪૧ જેટલા અસરગ્રસ્તોને રાંદેર તથા કતારગામના શેલ્ટર હોમમાં તાત્કાલિક પાયાની સગવડો સાથે રાખવામાં આવ્યા છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને ૨ જુલાઈ સુધીમાં આ મામલે સંપૂર્ણ અને વિગતવાર સોગંદનામું રજૂ કરવા આખરી આદેશ કર્યો છે.

ચાંગોદરના પ્લાઝ્મા કૌભાંડનો રેલો મહારાષ્ટ્રની બ્લડબેંક સુધી પહોંચ્યો

મુખ્ય આરોપી દિનેશ ચૌધરીનો મહારાષ્ટ્રની 8 બ્લડ બેંકો સાથે સીધો સંપર્ક

જપ્ત કરાયેલા તમામ 1,140 પ્લાઝમા યુનિટ માનવ ઉપયોગ માટે અયોગ્ય

અમદાવાદઃ અમદાવાદના ચાંદગોરમાંથી ઝડપાયેલું બ્લડ પ્લાઝમાં ભેળસેળ કૌભાંડની તપાસને રેલો મહારાષ્ટ્ર સુધી પહોંચ્યો છે. આ કેસનો મુખ્ય આરોપી મહારાષ્ટ્રીયન 8 બ્લડ બેંકના સીધા સંપર્કમાં હોવાનું તપાસમાં બહાર આવ્યું છે તેમજ મુખ્ય આરોપી પાસેથી જપ્ત કરાયેલા તમામ 1,140 બ્લડ પ્લાઝ્મા યુનિટ લેબોરેટરી પરીક્ષણમાં ભેળસેળયુક્ત અને માનવ ઉપયોગ માટે સંપૂર્ણપણે અયોગ્ય હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પર્દાફાશ કરાયેલા બ્લડ પ્લાઝ્મા ભેળસેળ કૌભાંડમાં પોલીસ તપાસ દરમિયાન મુખ્ય આરોપી પાસેથી જપ્ત કરાયેલા તમામ 1,140 બ્લડ પ્લાઝ્મા યુનિટ લેબોરેટરી પરીક્ષણમાં ભેળસેળયુક્ત અને માનવ ઉપયોગ માટે સંપૂર્ણપણે અયોગ્ય હોવાનું સામે આવ્યું છે. આ સાથે તપાસનો દોર હવે ગુજરાતની બહાર મહારાષ્ટ્રની અનેક બ્લડ બેંકો સુધી પહોંચ્યો છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી પ્રમાણે અત્યાર સુધીની તપાસમાં ગુજરાતની કોઈપણ હોસ્પિટલ કે બ્લડ બેંકમાં આ ભેળસેળયુક્ત પ્લાઝ્માનો પુરવઠો પહોંચ્યો હોવાના પુરાવા મળ્યા નથી. જોકે મહારાષ્ટ્રમાં મોકલાયેલા પ્લાઝ્મા યુનિટને લઈને તપાસ વધુ તેજ બનાવવામાં આવી છે. મુખ્ય આરોપી દિનેશ ચૌધરી ઉચ્ચ ગુણવત્તાવાળા બ્લડ પ્લાઝ્માની બેગમાંથી ચોક્કસ માત્રામાં અસલી પ્લાઝ્મા કાઢી લેતો હતો અને તેની જગ્યાએ એટલી જ માત્રામાં સલાઈન વોટર ભરી દેતો હતો. આ પ્રક્રિયાથી બેગનું કુલ વજન અને જથ્થો યથાવત રહેતો હતો, પરંતુ પ્લાઝ્માની ગુણવત્તા ગંભીર રીતે બગડી જતી હતી. ત્યારબાદ આ ભેળસેળયુક્ત પ્લાઝ્મા ફાર્માસ્યુટિકલ કંપનીઓને સપ્લાય કરવામાં આવતો હતો, જ્યારે કાઢી લેવાયેલો અસલી પ્લાઝ્માનો પણ અલગથી ગેરકાયદેસર ઉપયોગ થતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. પોલીસ તપાસમાં આરોપી દિનેશ ચૌધરી મહારાષ્ટ્રના વાશીમ અને ઝાલ વિસ્તારમાં આવેલી બ્લડ બેંકો સાથે સંકળાયેલો હતો. આ બંને બ્લડ બેંકના સંચાલકોની પણ પોલીસે પૂછપરછ શરૂ કરી છે. સમગ્ર નેટવર્કમાં અન્ય લોકો અથવા સંસ્થાઓની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ તપાસ આગળ વધી રહી છે.

અમદાવાદ ગ્રામ્ય ઓસઓજીએ થોડા દિવસ પહેલા અમદાવાદ નજીકના ચાંગોદર વિસ્તારમાં દરોડો પાડી માનવ જીવન સાથે સીધો ખેલ કરતું બ્લડ પ્લાઝ્મા ભેળસેળનું સુનિયોજિત રેકેટ ઝડપી પાડ્યું હતું. આ દરોડા દરમિયાન પોલીસે 1,140 બ્લડ પ્લાઝ્મા યુનિટ, ડીપ ફ્રીઝર, સીલિંગ મશીન, મહિન્દ્રા બોલેરો પીકઅપ ટ્રક સહિત અંદાજે રૂ. 12.06 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી, પોલીસે મુખ્ય સૂત્રધાર દિનેશ ચૌધરી, મોહન ગાયકવાડ, જીતેન્દ્ર સોલંકી અને રફીક ખલીફાની ધરપકડ કરી હતી.

4થી 6 જુલાઈ દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી

મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાની શક્યતા

અમદાવાદઃ રાજ્યમાં અસહ્ય ગરમી અને બફારાના માહોલ વચ્ચે હવે ચોમાસું જોર પકડવા જઈ રહ્યું છે. આગામી ૪થી ૬ જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં અત્યંત ભારે વરસાદની સંભાવનાને પગલે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ સોમવારે સાંજે 6 વાગ્યા સુધીમાં દક્ષિણ ગુજરાત, અમરેલી અને ભાવનગર સહિત રાજ્યના કુલ 21 તાલુકાઓમાં 52 મીમી સુધી વરસાદ નોંધાયો હતો. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાત, ભાવનગર, અમરેલી, બોટાદ, છોટાઉદેપુર અને દાહોદ જિલ્લાના 8 તાલુકાઓમાં 16 મીમી સુધી વરસાદ નોંધાયો હતો. કચ્છમાં હવામાન સૂકું રહ્યું હતું, જ્યારે ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ હાલમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાની ઉત્તર સીમા સુરત, ઈન્દોર, મંડલા, ડાલ્ટનગંજ અને મોતિહારી સુધી પહોંચી છે. આગામી બે દિવસમાં ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાતના બાકીના વિસ્તારો, મધ્યપ્રદેશ, ઝારખંડ, બિહાર અને ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં ચોમાસું આગળ વધવા માટે અનુકૂળ પરિસ્થિતિ છે. ત્યારબાદના બે-ત્રણ દિવસમાં સમગ્ર ગુજરાત સહિત ઉત્તર ભારતમાં ચોમાસું વધુ આગળ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી ૨ દિવસમાં ચોમાસું ગુજરાતના વધુ ભાગોમાં આગળ વધવા માટે સાનુકૂળ સ્થિતિ છે. આ ઉપરાંત, આગામી ૨ જુલાઈથી ઉત્તર-પશ્ચિમ ભારતમાં એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવા જઈ રહ્યું છે, જે રાજ્યમાં વરસાદી માહોલને વધુ વેગ આપશે. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ, ગાજવીજ અને તેજ પવનને ધ્યાનમાં રાખીને નાગરિકોને સતર્ક રહેવા તેમજ સ્થાનિક તંત્ર દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાની અપીલ કરી છે.

વરસાદની આગાહી

30 જૂનઃ ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓ, દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્રના છૂટાછવાયા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ અને દાદરા-નગર હવેલી માટે ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આનંદ, વડોદરા, નર્મદા, ભરૂચ, સુરત, તાપી સહિત અનેક જિલ્લાઓમાં 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ગાજવીજ થવાની શક્યતા છે.

1 અને 2 જુલાઈઃ દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેશે. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. અનેક જિલ્લાઓમાં ગાજવીજ અને તેજ પવન માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

3 જુલાઈઃ સમગ્ર ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પ્રવૃત્તિમાં વધારો થવાની શક્યતા છે. સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ગાજવીજ અને 40થી 50 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

4 જુલાઈઃ સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે વડોદરા, નર્મદા, ભરૂચ, છોટાઉદેપુર તેમજ અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ માટે ભારે વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

5 અને 6 જુલાઈઃ દક્ષિણ ગુજરાત સહિત પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, નર્મદા, ભરૂચ ઉપરાંત રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદ માટે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

જેઠમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત, અમદાવાદ-રાજકોટમાં 41 ડિગ્રી

રાજ્યમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાની પ્રગતિ ધીમી ગતિએ આગળ વધી રહી છે, ત્યારે બીજી તરફ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં હજુ પણ ગરમીનો પ્રકોપ યથાવત જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સોમવારે અમદાવાદ, ગાંધીનગર અને રાજકોટમાં 41 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાતા આ શહેરો રાજ્યના સૌથી ગરમ શહેરોમાં સામેલ રહ્યા હતા. હવામાન વિભાગના આંકડા મુજબ કંડલા એરપોર્ટ ખાતે 40 ડિગ્રી, કંડલા પોર્ટ અને ડીસામાં 40 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 40 ડિગ્રી, વડોદરામાં 39 ડિગ્રી, ભૂજ અને ભાવનગરમાં 38 ડિગ્રી, અમરેલીમાં 37.9 ડિગ્રી, સુરતમાં 37 ડિગ્રી, મહુવા અને કેશોદમાં 37 ડિગ્રી, નલિયામાં 36 ડિગ્રી તથા દમણમાં 36 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદ,ગાંધીનગર અને વલ્લભ વિદ્યાનગરમાં રાજ્યનું સૌથી વધુ 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદ માટે આગામી 24 કલાક દરમિયાન આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેવાની સાથે એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે.

મેટ્રિમોનિયલ સાઇટથી દોસ્તી કરી આંતરરાજ્ય ગેંગે 15 કરોડ પડાવ્યા

ઉપલેટાના પ્રેક્ટિસ કરતાં ડોક્ટર સહિત 5 આરોપીની ધરપકડ

ટિપ્સ આપી RoboForex માં રોકાણ કરાવ્યું, વેબપેજ લોક કરીને આચર્યું કરોડોનું કાવતરું

ગાંધીનગરઃ ગુજરાત પોલીસના સીઆઈડી ક્રાઈમ હસ્તકના સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે મેટ્રિમોનિયલ સાઈટ પર મિત્રતા કેળવી RoboForex માં જંગી નફાની લાલચ આપી કરોડો રૂપિયા પડાવતી આંતરરાજ્ય ગેંગના 5 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓમાં ઉપલેટાનો એક પ્રેક્ટિસ કરતો ડોક્ટર પણ સામેલ છે, જે બેંક ખાતાની કીટ સપ્લાય કરવાનું કામ કરતો હતો. આ ગેંગ દ્વારા દેશભરમાં આશરે 15.31 કરોડથી વધુનું સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.

સાયબર સેન્ટર ઓફ એક્સલન્સના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, ઠગબાજ ગેંગ દ્વારા 'Jigyasha Kapoor' ના નામે 'Dilsafar' નામની એપ્લિકેશન મારફતે ભોગ બનનાર ફરિયાદીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોતે ફોરેક્સ ટ્રેડિંગના એક્સપર્ટ હોવાનું કહી, પોતાની ટિપ્સ મુજબ ટ્રેડિંગ કરવાથી મોટો નફો થશે તેવી લાલચ આપી 'RoboForex' નામના વેબપેજ પર એકાઉન્ટ ખોલાવ્યું હતું. શરૂઆતમાં ફરિયાદી પાસે 50,000નું રોકાણ કરાવી તેના પર નફો વિડ્રો કરાવીને વિશ્વાસ જીત્યો હતો. બાદમાં ટેલિગ્રામ મારફતે અલગ-અલગ બેંક ખાતાઓની વિગતો મોકલી ફરિયાદી પાસેથી 1,47,00,000 ટ્રાન્સફર કરાવ્યા હતા. આ રોકાણ સામે મોટો નફો બતાવીને અચાનક ફરિયાદીનું વેબપેજ લોક થઈ ગયું હોવાનો મેસેજ આપ્યો હતો. તેને અનલોક કરવા અને વિડ્રોઅલ ચાર્જના બહાને વધુ 83,00,000 ભરાવી, આમ કુલ 2,30,00,000 પડાવી લઈને ગેંગે ગુનાહિત કાવતરું રચી છેતરપિંડી આચરી હતી.

ક્લિનિક ચલાવતા ડોક્ટરની મદદથી બેંક ખાતા નેપાળ સુધી પહોંચ્યા

તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી રાજ પડસાલાએ પોતાની પેઢી 'R.P. Chemicals' ના નામે બેંક ખાતું ખોલાવ્યું હતું, જેની કીટ તેણે કમિશનથી યાજ્ઞિક રામાણીને આપી હતી. યાજ્ઞિકે ઉપલેટા ખાતે પોતાનું ક્લિનિક ચલાવતા ડો. જયદીપકુમાર આર્દેસણા ઉર્ફે ડોક્ટર ઉપલેટા મારફતે લક્ષ્મણ વાઘેલાનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ આ કીટ પંકજ પાસવાન મારફતે દિલ્હી ખાતે રાહુલ નામના શખ્સને અને ત્યાંથી સરફરાઝ નામના વચેટિયા મારફતે નેપાળ ખાતે છેતરપિંડીના રૂપિયા સગેવગે કરવા માટે મોકલવામાં આવી હતી. આ ખાતામાં જ ફરિયાદીની રકમ જમા કરાવીને સગેવગે કરાતી હતી.

દેશભરમાં 31 સાયબર ફ્રોડની અરજીઓ લોકેટ થઈ

જ્યારે પોલીસે 'R.P. Chemicals' ના બેંક ખાતાની વિગતો નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર ચેક કરી, ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ એક જ ખાતા વિરુદ્ધ સમગ્ર દેશમાં કુલ 31 સાયબર ફ્રોડની અરજીઓ નોંધાયેલી છે, જેમાં અંદાજે રૂ. 15,31,41,542 (૧૫.૩૧ કરોડથી વધુ) ની સાયબર ઠગાઈ થઈ હોવાનું પ્રાથમિક તપાસમાં ખૂલ્યું છે.

મુદ્દામાલ અને ધરપકડ કરાયેલા આરોપીઓની વિગત

સાયબર સેન્ટર ઓફ એક્સલન્સ તપાસનીશ પોલીસે અધિકારીઓએ આરોપીઓ પાસેથી કુલ 7 નંગ મોબાઈલ ફોન તેમજ કથિત બનાવટી દસ્તાવેજો (૧ આધારકાર્ડ અને ૧ પાનકાર્ડ) કબજે કર્યા છે. ધરપકડાયેલા પાંચ આરોપીમાં (1) રાજ અતુલભાઇ પડસાલા (રહે. આણંદ) - બેંક ખાતા ધારક (2) યાજ્ઞિક અશોકભાઇ રામાણી (રહે. રાજકોટ) - બેંક ખાતા સપ્લાયર (3) વાઘેલા લક્ષ્મણ જયંતિલાલ (રહે. રાજકોટ) - બેંક ખાતા સપ્લાયર (4) ડો. જયદીપકુમાર બટુકલાલ આરદેસણા (રહે. રાજકોટ/ઉપલેટા) - બેંક ખાતા સપ્લાયર અને (5) સાગર ભીમજીભાઇ ગોકાણી (રહે. રાજકોટ) - બેંક ખાતા પ્રોવાઇડર

વરસાદ ખેંચાતાં કૃષિ સંકટ, સરકાર તાત્કાલિક પગલાં ભરે: કોંગ્રેસ

વાવેતરમાં ૪૦ ટકા ઘટાડો, માત્ર એક ઈંચ વરસાદ, અમિત ચાવડાએ 12 કલાક વીજળી અને તાત્કાલિક રાહત પેકેજની કરી માંગ

અમદાવાદઃ રાજ્યમાં ચોમાસાના વરસાદની ભારે ખેંચને કારણે કૃષિ ક્ષેત્રમાં ગંભીર સ્થિતિ સર્જાઈ છે. ઓછા વરસાદને કારણે રાજ્યમાં વાવેતરમાં અંદાજે 40 ટકા ઘટાડો નોંધાયો છે, જ્યારે અનેક વિસ્તારોમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં વરસાદના અભાવે ડેમોમાં પાણીનો જથ્થો ઘટીને અંદાજે 20 ટકા સુધી પહોંચી ગયો છે. પાણીની અછતને કારણે ખેતી અને પશુપાલન બંને પર ગંભીર અસર પડી રહી છે. અનેક ગામોમાં પીવાના અને સિંચાઈના પાણીની સમસ્યા વિકટ બનતાં લોકો સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે, ત્યારે સરકારએ ખેડૂતો અને પશુપાલકોના હિતમાં તાત્કાલિક રાહતના પગલાં ભરવાની કોંગ્રેસે માંગ કરી છે.

પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતુ કે, લગભગ પંદર વર્ષ પછી સૌથી નબળું ચોમાસું જોવા મળી રહ્યું છે અને વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ભારે ચિંતામાં ડૂબ્યા છે. એક તરફ કુદરત રૂઠી છે, તો બીજી તરફ આખા ગુજરાતના કિસાન પરિવારો આર્થિક તંગી, દેવાના બોજ અને વહીવટી અન્યાય સામે રસ્તા પર ઉતરીને પોતાના હક્કની લડાઈ લડી રહ્યા છે. ખેડૂતો અત્યારે ખોટી જમીન માપણી, પોતાના ખેતરોમાં મંજૂરી વિના નાખવામાં આવતા વીજ થાંભલાઓ, ખાતર અને બિયારણની તીવ્ર અછત તેમજ દેવા માફીની પાયાની માંગણીઓ સાથે ચારેય તરફથી સંઘર્ષ કરી રહ્યા છે. એક બાજુ આર્થિક પાયમાલી અને અન્યાય સામેની લડત અને બીજી બાજુ આકાશી આફત જેવા કોરા દુકાળના સંજોગોએ ગુજરાતના જગતના તાતને પડતા પર પાટુ જેવી અસહ્ય વેદનામાં મૂકી દીધા છે.

અમિત ચાવડાએ કહ્યું હતુ કે રાજ્ય સરકારને સિંચાઈ માટે ખેડૂતોને દિવસે સતત 12 કલાક વીજ પુરવઠો આપવો જોઈએ, જેથી ઉપલબ્ધ પાણીનો અસરકારક ઉપયોગ કરીને ઊભા પાકને બચાવી શકાય. ઉપરાંત નર્મદા સહિતના જળસ્ત્રોતોમાંથી જરૂરિયાત મુજબ પાણી છોડવાની અને સિંચાઈ વ્યવસ્થાને વધુ મજબૂત કરવામાં આવે. સરકારને યુદ્ધના ધોરણે પાક નુકસાનીનો સર્વે હાથ ધરી ખેડૂતો અને પશુપાલકોને તાત્કાલિક આર્થિક સહાય જાહેર કરવાની જોઈએ. ખેડૂતોના હક અને અધિકારોના રક્ષણમાં રાજ્ય સરકાર નિષ્ફળ રહી છે. જેતપુરથી લઈને કચ્છ સુધી ખેડૂતો દ્વારા વિવિધ પ્રશ્નોને લઈને આંદોલનો કરવામાં આવી રહ્યા હોવા છતાં સરકાર તરફથી યોગ્ય પ્રતિસાદ મળતો નથી. ખેડૂતોના વધતા પ્રશ્નોને ગંભીરતાથી લઈ અસરકારક આયોજન કરવામાં આવે તેવી કોંગ્રેસે માંગણી કરી છે.

સુડોકુ ૬૫૬૩ - 'ક્રૂર'

૫	૮			૪		૯	૩	
	૭		૮		૩			
૪		૩	૧	૨	૯			૭
					૮			
૩	૪			૭	૧	૬	૨	૮
૮	૨	૬	૪	૩			૧	૯
૬	૩		૫					૪
	૯		૩		૭	૮		૬
	૫				૪	૨		૩

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

(ગત સુડોકુનો ઉકેલ — ઊંધો છાપેલો)

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

જઠર પર સોજો

ભૂખ ઓછી થવી, શ્વાસમાં બદબૂ, જીભ પર છારી, બેચેની થવી, અપચાથી પરેશાન છો. ગલગોટાનાં ફૂલ એક ખોબો વાટી કાઢેલો રસ સવાર સાંજ પીવા આપો. પંદર દિવસ ચાલુ રાખો.

આજનું પંચાંગ

તા. 30/06/2026, મંગળવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** નિજ જેઠ
તિથિઃ વદઃ એકમઃ વૃદ્ધિ તિથિ છે
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢઃ 09
યોગ : બ્રહ્મ **કરણઃ** બાવલ
રાશિ : ધન (ભ,ધ,ફ,ઢ,) **નક્ષત્ર :** પૂ.ષાઃ- વૃદ્ધિ નક્ષત્ર છે
દિવસ : અશુભ- વટસાવિત્રી વ્રતના પારણા
સુરતમાં સૂર્યોદય : 06:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22 **નવકારસી :** 06:50
પારસી વર્ષ : 1395 બહમન માસનો 20મો રોજ
મુસલમાન વર્ષ : 1448 મોહરમ માસનો 14મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિનાં ચોઘડિયાંઃ કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
રાહુકાળઃ બપોરેઃ- 15:00 થી 16:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. વિદેશના કામમાં મદદ મળે. અચાનક સફળતા મળે. નવી તક મળે.

વૃષભ (બ,વ,ઉ,): પડવા-વાગવાથી સંભાળવું. કોઈની વાતોમાં આવવું નહી. અટકેલા કામમાં પ્રગતિ થાય. ધર્મ-કર્મ થાય.

મિથુન (ક,છ,ઘ,): સમાજિક કામમાં યશ મળે. પરિવારમાં નાના સભ્યોની પ્રગતિથી ઉત્સાહિત રહેશો. શુભ સમાચાર મળે.

કર્ક (ડ,હ,): નોકરીમાં નવી તક ઊભી થાય. હરીફોથી સાવધાન માતા અને મોસાળ પક્ષ સાથે ઘર્ષણ થાય. મન અશાંત.

સિંહ (મ,ટ,): વિદ્યાભ્યાસમાં નવું શિખવા મળે. મિત્રોની મદદથી સામાજિક કામ થાય. શેરબજારમાં ધીરજ.

કન્યા (પ,ઠ,ણ,): ઘરમાં નવો ફેરફાર થાય. બહારના કામમાં મદદ મળે. વડીલોની મદદથી ઘરમાં તાલમેળ.

તુલા (ર,ત,): આત્મવિશ્વાસ વધે. વહીવટી કામમાં સફળતા મળે. આવક વધારવાની તક મળે. પ્રવાસ થાય.

વૃશ્ચિક (ન,ય,): મોજ-શોખના ધંધામાં આવક વધે. શુભ કામમાં ખર્ચા વધે. પરિવારમાં તાલમેળ રહે. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): નોકરી-ધંધામાં હરીફોથી સાવધાન. પારિવારિક પ્રશ્નો સતાવે. સમાજમાં યશ મળે. અચાનક પ્રવાસ થાય.

મકર (ખ,જ,): ખર્ચા વધશે. આરોગ્ય નરમ રહે. સામાજિક કામમાં યશ મળે. કોર્ટ-કચેરીમાં સાવધાન રહેવું.

કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રોની મદદ સંતાનોના કામમાં મળશે. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં અનુકૂળતા રહે.

મીન (દ,ચ,ઝ,થ,): આવક વધે. પ્રોપર્ટીને લગતા કામ થાય. ધંધામાં વડીલોની મદદથી નવી યોજના પાર પડશે.

કોઈ પણ સાલમાં 30 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે નવી તકો મળે. ટેકનોલોજીનું જ્ઞાન ઉપયોગી બને. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી અટકે. આરોગ્ય નરમ-ગરમ રહે. સમાજમાં માન વધે. પરિવારના નાના સભ્યોને મદદરૂપ બનશો. વધારાની આવકની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર-વાહન, મકાનની યોજના પાર પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સામાન્ય રહે. વિદ્યાર્થીઓને મદદ મળતી રહે. વિદેશના કામમાં પ્રગતિ થાય. સંતાનોના અભ્યાસ- કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. પ્રેમ વિવાહની શક્યતા રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. ફેબ્રુઆરી-માર્ચ-તથા નવેમ્બર- ડિસેમ્બર, ગુરુ, શુક્રવાર, 03, 12, 21,30 તારીખે નવા કામ કરવાં. સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. જૂન-જુલાઈ, રવિ-બુધવાર, 2,11,20 29 તારીખે નવા કામ ટાળવા. લાલ-નીલા રંગનો ઉપયોગ ટાળવો. ગુરુવારનાં ઉપાય કરતા રહેવું.

108 પવિત્ર કળશમાં સાબરમતીના જળથી ભગવાન જગન્નાથનો જળાભિષેક

અમદાવાદમાં 149મી રથયાત્રા પૂર્વે પરંપરાગત જળયાત્રા યોજાઈ

જળયાત્રામાં બળદગાડા પર ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજી (ભદ્રજી) ને બિરાજમાન કરવામાં આવ્યા

અમદાવાદઃ અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી ભગવાન જગન્નાથજીની 149મી ઐતિહાસિક રથયાત્રા પૂર્વે અમદાવાદના જમાલપુરમાં આવેલા જગન્નાથજી મંદિરથી પરંપરાગત જળયાત્રા મહોત્સવ ભક્તિમય વાતાવરણમાં યોજાયો હતો. જળયાત્રા દરમિયાન સાબરમતી નદીમાંથી 108 પવિત્ર કળશમાં જળ લાવી ભગવાન જગન્નાથજીનો વૈદિક વિધિ મુજબ જળાભિષેક કરવામાં આવ્યો હતો.

અમદાવાદ શહેરમાં 16મી જુલાઈના રોજ નીકળનાર ભગવાન જગન્નાથજીના રથયાત્રા પૂર્વે યોજાતી જળયાત્રા જગન્નાથજી મંદિરેથી સવારે વિધિવત રીતે પ્રસ્થાન કરેલી જળયાત્રામાં બળદગાડા પર ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બળદેવજી (ભદ્રજી)ને બિરાજમાન કરવામાં આવ્યા હતા. ગજરાજ, ઘોડાગાડીઓ, ધ્વજ-કળશ, કાવડિયા તેમજ વિવિધ અખાડાઓના પ્રદર્શન યાત્રાનું મુખ્ય આકર્ષણ બન્યા હતા. મોટી સંખ્યામાં ભક્તોએ માર્ગ પર ઉભા રહી ભગવાનના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

જળયાત્રા સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે પહોંચી હતી, જ્યાં વૈદિક મંત્રોચ્ચાર અને શંખનાદ વચ્ચે નદીનું પવિત્ર જળ 108 કળશમાં ભરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ જળ મંદિર ખાતે લાવી મહંત અને સાધુ-સંતોની ઉપસ્થિતિમાં ભગવાન જગન્નાથજીનો ભવ્ય જળાભિષેક કરવામાં આવ્યો હતો. જળાભિષેક બાદ ભગવાન ભક્તોને વિશેષ ગજવેશમાં દર્શન આપશે. રથયાત્રા પૂર્વે યોજાતી આ પરંપરાગત જળયાત્રાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમગ્ર માર્ગ પર ધાર્મિક માહોલ વચ્ચે શ્રદ્ધાળુઓએ ભક્તિભાવથી યાત્રાનું સ્વાગત કર્યું હતું.

જળયાત્રા અને આગામી રથયાત્રાને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સમગ્ર રૂટ પર 500થી વધુ પોલીસકર્મીઓ અને હોમગાર્ડના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. સમગ્ર માર્ગ પર સીસીટીવી અને ડ્રોન કેમેરા મારફતે સતત નજર રાખવામાં આવી રહી હતી.